# રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોના નવા ૧૦૬૮ કેસ

## રાજ્યમાં કુલ ૧૪૫૯૫ ટેસ્ટ કરવામાં આવ્યા : રાજ્યમાં કોરોના સંક્રમિતનો કુલ કેસ ૫૩ હજારને પાર : ૨૬ના મૃત્યુ, કુલ મૃત્યુઆંક ૨૨૮૩ પહોંચ્યો : સુરત ખાતે ૩૦૯ કેસ

ગાંધીનગર, તા.૨૪

રાજ્યમાં સતત ચોથા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૧ હજારને પાર થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૫૯૫ ટેસ્ટ કરવામાં આવતા ૧૦૬૮ દર્દીઓ કોરોના પોઝિટિવના નોંધાયા હતા. રાજ્યમાં આજે ૨૬ દર્દીઓ કોરોનાથી મૃત્યુ પામ્યા હતા. આ સાથે કુલ મૃત્યુઆંક ૨૨૮૩ થયો છે. રાજ્યમાં આજે ૮૭૨ દર્દીઓ સાજા થઈને ઘરે પરત આવ્યા હતા. આ સાથે કુલ ૩૮૮૩૦ દર્દીઓ સાજા થયા છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૨૫૧૮ દર્દીઓ એક્ટીવ છે. ૮૩ દર્દીઓ વેન્ટીલેટર પર અને ૧૨૪૩૫ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં સતત ચોથા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો હજાર પર ગયો છે.

આ કેસોમાં આજે સુરતમાં ૩૦૦ને ઉપર અને વડોદરામાં ૯૦ કેસની ઉપર કોરોનાના નોંધાયા છે. આની સાથે સાથ રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં કેસોનો સતત વધારો થયો છે. આરોગ્ય વિભાગે આપેલ યાદી મુજબ રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૬ દર્દીઓના મોત કોરોનાને લીધે થયા છે. જેમાં સુરત-૬ અને સુરત કોર્પોરેશનમાં-૬, અમદાવાદ કોર્પોરેશનમાં ૩, કચ્છમાં ૩, વડોદરા કોર્પોરેશનમાં ૩, ગાંધીનગર, જામનગર, મહેસાણા, રાજકોટ અને તાપીમાં ૧-૧ મોત થયા છે. અમદાવાદ શહેરમાં ૧૬૧ અને ગ્રામ્યમાં ૧૫ સાથે કુલ ૧૭૬ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૨૫ હજારને પાર થઈ ૨૫૧૫૦ થયો છે. જ્યારે આજે વધુ ૩ મોત સાથે મૃત્યુઆંક ૧૫૬૪ થયો છે. સુરતમાં આજે ૨૧૬ અને ગ્રામ્યમાં ૯૩ સાથે સાથે કુલ કોરોના પોઝિટિવના ૩૦૯ કેસ નોંધાયા છે. આ સાથે કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૧૦૮૨૯ થયો છે.

આજે વધુ ૧૨ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૩૨૫ થયો છે. વડોદરા કોર્પોરેશનમાં ૭૦ અને ગ્રામ્યમાં ૨૨ સાથે કુલ ૯૨ દર્દીઓ કોરોનાના નોંધાયા છે. આજે વધુ ૩ મોત સાથે વડોદરામાં કુલ મૃત્યુઆંક ૮૯ થયો છે. ગાંધીનગર શહેરમાં ૮ અને ગ્રામ્યમાં ૧૮ કેસ કોરોનાના નોંધાયા છે. વધુ ૨૬ કેસ સાથે ૧૨૦૦ કેસ કુલ કોરોનાના સંક્રમિતના થયા છે. રાજકોટ કોર્પોરેશનમાં ૪૬ અને ગ્રામ્યમાં ૧૩ સાથે ૪૯ કેસ, ભરુચમાં ૩૦, અમરેલી અને બનાસકાંઠામાં ૨૬-૨૬, સુરેન્દ્રનગરમાં ૨૫, કચ્છ અને મહેસાણામાં ૨૨-૨૨, ભાવનગર કોર્પોરેશનમાં ૨૧ અને જિલ્લામાં ૧૮, પાટણમાં ૨૦, ગીર સોમનાથ અને નવસારીમાં ૧૯-૧૯, દાહોદ અને વલસાડમાં ૧૮-૧૮ જુનાગઢ કોર્પોરેશનમાં ૧૭ અને જિલ્લામાં ૧૧, આણંદ અને તાપીમાં ૧૦-૧૦, નર્મદા અને સાબરકાંઠામાં ૯-૯, બાટોદ, ખેડા અને પંચમહાલમાં ૮-૮ અરવલ્લીમાં ૭, જામનગર કોર્પોરેશનમાં ૭ અને જિલ્લામાં ૫, મોરબીમાં ૬, છોટા ઉદેપુર અને મહીસાગરમાં ૨-૨ અને પોરબંદરમાં ૧ કેસ નોંધાયો છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૫૩૪૯ | ૧૫૬૯ | ૨૦૧૫૩ |
| સુરત | ૧૧૦૯૭ | ૩૪૧ | ૭૫૫૪ |
| વડોદરા | ૩૯૯૪ | ૬૫ | ૩૨૭૦ |
| રાજકોટ | ૧૨૬૯ | ૨૧ | ૫૭૬ |
| ભાવનગર | ૧૧૦૯ | ૨૦ | ૬૮૫ |
| ગાંધીનગર | ૧૩૬૯ | ૭૨ | ૮૯૯ |
| કચ્છ | ૪૨૫૦ | ૧૫ | ૨૩૪ |
| મહેસાણા | ૬૯૨ | ૧૬ | ૨૭૧ |
| ગીર-સોમનાથ | ૨૬૬ | ૦૫ | ૫૯ |
| પોરબંદર | ૩૬ | ૦૨ | ૨૭ |
| પંચમહાલ | ૩૬૨ | ૧૬ | ૨૪૫ |
| પાટણ | ૪૫૬ | ૨૩ | ૨૯૯ |
| છોટાઉદેપુર | ૧૧૪ | ૦૨ | ૮૦ |
| જામનગર | ૫૪૪ | ૧૨ | ૨૮૮ |
| મોરબી | ૧૭૦ | ૦૫ | ૧૧૮ |
| સાબરકાંઠા | ૩૪૯ | ૦૮ | ૨૩૩ |
| આણંદ | ૩૯૬ | ૧૩ | ૩૪૬ |
| દાહોદ | ૩૭૦ | ૦૫ | ૬૦ |
| ભરૂચ | ૭૧૧ | ૧૧ | ૪૨૦ |
| બનાસકાંઠા | ૫૪૪ | ૧૬ | ૩૭૭ |
| ખેડા | ૪૯૮ | ૧૪ | ૩૫૪ |
| બોટાદ | ૧૮૯ | ૦૫ | ૧૩૬ |
| નર્મદા | ૨૨૦ | ૦૦ | ૧૧૫ |
| અરવલ્લી | ૨૮૮ | ૨૪ | ૨૩૭ |
| મહીસાગર | ૨૫૬ | ૦૨ | ૧૭૪ |
| નવસારી | ૪૩૬ | ૦૬ | ૨૬૬ |
| તાપી | ૧૧૨ | ૦૧ | ૬૪ |
| વલસાડ | ૫૦૬ | ૦૫ | ૩૧૨ |
| જૂનાગઢ | ૬૮૫ | ૦૯ | ૪૬૯ |
| સુરેન્દ્રનગર | ૫૬૦ | ૦૮ | ૨૨૮ |
| દેવભૂમિ દ્વારકા | ૩૬ | ૦૩ | ૨૬ |
| ડાંગ | ૦૯ | ૦૦ | ૦૯ |
| અમરેલી | ૨૯૧ | ૦૯ | ૧૬૫ |
| **કુલ** | **૫૩૬૩૧** | **૨૨૮૩** | **૩૮૮૩૦** |

## અરવલ્લીના કેટલાક ભાગમાં વરસાદથી રાહત

### ખેતીને જીવતદાન મળતા ખેડૂતોમાં ખુશી, અસહ્ય ઉકળાટથી છુટકારો મળતા લોકોમાં હાશકારો

અરવલ્લી જિલ્લામાં ચાલુ વર્ષે સૌથી વધુ મગફળીના પાકનું ૭૦ હજાર હેકટરમાં વાવેતર કરાયું છે. ત્યારે વરસાદ ખેંચાતા ખેડૂતોમાં ચિંતાની લકીરો તણાઈ હતી, ખાસ કરીને જીલ્લાના વાતાવરણમાં પલટો જોવા મળ્યો અને વરસાદ ખાબકતા જીલ્લામાં અસહ્ય ઉકળાટ અને બફારાથી રાહત મળતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.



મગફળીના પાકમાં રોગ દેખાતાં પાકનો છોડ મુરઝાતા ખેડૂતો ચિંતીત બનયા હતા. જિલ્લામાં ખેતી માટે ખેડૂતો આકાશી ઉપર વધુ નિર્ભર રહે છે.

વરસાદ ખેંચાય તો મોઘું બિયારણ નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી હતી, ત્યારે અરવલ્લી જીલ્લાના કેટલાક ભાગમ વહેલી સવારથી વરસાદની રી એન્ટ્રી થતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો. આમ લાંબા સમય બાદ ફરી વરસાદ શરૂ થતાં ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. લાંબા સમય બાદ

અરવલ્લી જિલ્લામાં લાંબા વિરામ બાદ મોડાસા અને તેના આસપાસના વિસ્તારોમાં વરસાદનું આગમન થયું છે. અરવલ્લી જિલ્લામાં ફરી ધીરે ધીરે વરસાદી માહોલ જામી રહ્યો છે. જિલ્લાના ગ્રામ્ય પંથકમાં છૂટછવાયો વરસાદ પડ્યો છે. મોડાસા શહેરમાં ધોધમાર વરસાદી ઝાપટું પડ્યું હતું. વરસાદી ઝાપટાંના પગલે વિવિધ વિસ્તારોમાં પાણી ભરાયા. વરસાદ પડતા જિલ્લામાં મુરઝાતી ખેતીને નવજીવન મળતા ખેડૂતોએ હૈયે હાશકારો અનુભવ્યો હતો.

### હજુ પણ જિલ્લામાં ખેતીલાયક વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો

જીલ્લામાં વરસાદ ખેંચાતા મગફળીના પાકમાં સુકારા નામના રોગે દેખા દીધી છે. જે ચિંતાનો વિષય ખેડૂતો માટે ચિંતા વિષય બન્યો છે. આ સિઝનમાં એક પણ વખત મૂશળધાર વરસાદ વરસ્યો નથી. કુવા, તળાવમાં નવા નીર આવ્યા નથી. ત્યારે વરસાદ લંબાતાં ખેડૂતોની ઉંઘ હરામ થઈ ગઈ છે.

કપાસ, દિવેલા, મકાઈ અને અન્ય પાકની વાવણી કરી છે. છેલ્લા કેટલાક દિવસોથી તાપમાનનો પારો ઉંચકાયો છે. જેના કારણે ખરીફ પાક ઉપર મોટું સંકટ ઉભુ થયું છે. જીલ્લામાં ખેતી લાયક વરસાદ ન વરસતાં ખેડૂતો ચિંતીત બન્યા છે. જયારે મગફળીના પાકનું વાવેતર કરે દોઢ માસ જેટલો સમયગાળો થઈ ગયો છે. પરંતુ વરસાદ ખેંચાતા મગફળીના પાકમાં સુકારાનો રોગ દેખાતા પાકના છોડ સુકાઈ રહ્યા છે. જયારે અતિશય તડકાના કારણે ખેતીનો પાક બળી પણ જાય છે. બીજી બાજુ ખેડૂતોને મોંઘા બિયારણ અને મોઘીદાટ દવાઓનો ખર્ચ માથે પડે તેમ છે. આમ હાલ કોરોના વાયરસને લઈ લોકોના કામ ધંધાને અસર થઈ છે. જયારે આ પંથકમાં વરસાદ ન થતાં ખરીફ પાક નષ્ટ થવાને આરે છે.



**બાયડ નગરપાલિકા પ્રમુખના હસ્તે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરાયું**

બાયડમાં આજરોજ લાયન્સ ક્લબ તથા લીઓ ક્લબ દ્વારા કોરોના સામે રક્ષા મળી રહે તે માટે આયુર્વેદિક ઉકાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયુર્વેદિક ઉકાળાનું વિતરણ બાયડ નગરપાલિકા પ્રમુખ સાહિનબેન ડી. મલેક દ્વારા કરવામાં આવ્યું હતું. આ આયુર્વેદિક ઉકાળાનો લાભ મોટી સંખ્યામાં લોકોએ લીધો હતો. સમગ્ર આયોજન સારસ્વત હાઈસ્કૂલના ટ્રસ્ટી તથા લાયન્સ ક્લબના પ્રમુખ સમીર બેગ મિર્ઝા તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

## મોડાસામાં ડેપ્યુટી ડીડીઓ તરીકે ઓળખ આપી બે યુવતીઓને સચિવાલયમાં નોકરી અપાવવાની લાલચ આપી લાખ્ખો ખંખેર્યા

મોડાસા, તા. ૨૪

મોડાસા શહેરની યુવતીને શિક્ષિકા બહેનપણીએ તેમના સ્ટાફમાં નોકરી કરતા શિક્ષકના એક ઓળખીતા અમદાવાદ નરોડા રહેતા જીતેન્દ્ર ચંદુભાઈ પટેલ અમદાવાદ સચિવાલયમાં નોકરી કરતા હોવાની સાથે સચિવાલયમાં મોટી ઓળખ હોવાથી સચિવાલયમાં સરકારી નોકરી અપાવતા હોવાનું જણાવતા યુવતીએ નકલી ડીડીઓનો સંપર્ક કરતા નરોડાના ઠગે પોતે સચિવાલયમાં ડેપ્યુટી ડી.ડી.ઓ. તરીકે અધિકારી તરીકે ફરજ બજાવતો હોવાનું જણાવી યુવતી અને તેના પરિવારજનોને વિશ્વાસમાં લેતા યુવતીએ સચિવાલયમાં નોકરી માટે કોમ્પ્યુટર ફરજીયાત હોવાથી કોમ્પ્યુટર ક્લાસીસ ચાલુ કર્યા હતા. કોમ્પ્યુટર ક્લાસ ટીચર યુવતીને વાત કરતા તે યુવતી પણ સરકારી નોકરીની લાલચમાં આવી જતા બંને યુવતીઓને વિશ્વાસમાં લઈ ઠગે બંને યુવતીઓ પાસેથી કુલ રૂપિયા ૧૦,૬૧,૦૦૦ ની છેતરપીંડી કરી પૈસા પોતાના બેંક એકાઉન્ટમાં નખાવી નોકરીના કોઈ ઓર્ડર આપ્યા નથી અને રૂપિયા પણ પરત ન આપતા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. ઠગ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા શહેરના કુંભારવાડામાં રહેતી ફાલ્ગુનીબેન હીરાભાઈ પ્રજાપતિ અને સોહાના નામની બંને યુવતીઓને હાલ અમદાવાદ ખાતે રહેતા. જીતેન્દ્રભાઈ ચંદુભાઈ પટેલે સચિવાલયમાં કલાર્કની નોકરી આપવાની લાલચ આપી છેતરપીંડી કરાઈ હતી. ફાલ્ગુનીબેનને ધ્રુપાબેન સાથે મિત્રતા થઈ હતી અને તેઓએ કહયુ હતું કે સ્ટાફમાં નોકરી કરતા શિક્ષકના ઓળખીતા જીતેન્દ્રકુમાર ચંદુલાલ પટેલ સચિવાલયમા ડેપ્યુટી ડી.ડી.ઓ. તરીકે નોકરી કરે છે અને તેઓ મારા પણ પરીચયમાં છે. જેથી તેઓએ કહેલ કે ગાંધીનગર સચિવાલયમાં કલાર્કની ભરતી થવાની છે. મોડાસાની આ બંને યુવતીઓ નોકરી માટે લલચાઈ હતી અને સચિવાલયમાં કલાર્કની નોકરી માટે ફાલ્ગુનીબેને રૂ. ૬,૫૫,૫૦૦ અને સોહાનાએ રૂ. ૪,૦૫,૫૦૦ મળી કુલ રૂપિયા ૧૦,૬૧,૦૦૦ રૂપિયા તબક્કાવાર જીતેન્દ્રકુમાર ચંદુલાલ પટેલને આપ્યા હતા. પરંતુ દોઢ વર્ષ જેટલો સમયગાળો થયો છતાં નોકરીના કોઈ ઓર્ડર ન મળતાં પોતે છેતરાયા હોવાનું માલુમ પડયું હતું.

સચિવાલયમાં ડેપ્યુટી ડી.ડી.ઓ. તરીકેના અધિકારીની ખોટી ઓળખ આપી વિશ્વાસમાં લઈ ફાલ્ગુનીબેન તથા સોહાનાને સચિવાલયમાં કલાર્કની નોકરી આપવાની લાલચ આપી રૂ.૧૦.૬૧ લાખની ઠગાઈ કરી નોકરીના કોઈ ઓર્ડર આપેલ નહી અને રૂપિયા પણ પરત ન કરતાં આ અંગે ફાલ્ગુનીબેન હીરાભાઈ પ્રજાપતિએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં આરોપી જીતેન્દ્રકુમાર ચંદુલાલ પટેલ (૭૨,મોટો મઢ, સાંથલ, તા.જોટાણા, જી.મહેસાણા) (હાલ રહે. જીઈબી પાછળ, નરોડા, અમદાવાદ) વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી. પોલીસે આઈપીસી કલમ ૪૨૦, ૪૦૬, ૧૭૭ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## સાબરકાંઠા - અરવલ્લીની નગરપાલિકાઓને વિવિધ મુદ્દે માર્ગદર્શન અપાયું

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની આઠ નગરપાલિકાઓની એક બેઠક ગાંધીનગર ઝોનની નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનર અમિતકુમાર યાદવના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં સ્વચ્છ ભારત મિશનના મિશન ડાયરેક્ટર મિલીન્દબાપના ઉપસ્થિત રહ્યાં હતા તેમજ મિટિંગમાં સ્વચ્છ ભારત મિશન, કોવિડ-૧૯, ચોમાસાને અનુલક્ષીને રોગચાળા બાબત, ૧૪માં નાણાંપંચ, એસબીએમ ગ્રાન્ટ, કોરોના ગ્રાન્ટ વગેરે મુદ્દે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. મિટિંગના પ્રારંભે હિંમતનગર નગરપાલિકાના પ્રમુખ અનિરૂદ્ધભાઈ પટેલ તથા નોડલ ઓફિસર દ્વારા અધિકારીઓનું બુકેથી સ્વાગત કરવામાં આવ્યું હતું. મિટિંગમાં કોરોના સહિતના અગત્યના મુદ્દાઓ, સ્વચ્છતા અભિયાન, વિવિધ ગ્રાન્ટ તેમજ ચોમાસાના કારણે રોગચાળા ના ફેલાય તેના પર નિયંત્રણ વગેરે અંગે ચર્ચાઓ કરી માર્ગદર્શન સાથે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. મિલીન્દ બાપનાએ સાઈન્ટીફીક લેન્ડફીલ સાઈટ તથા તેના ઉપયોગ બાબતે સવિસ્તર ચર્ચા કરવામાં આવી હતી. મિટિંગ બાદ અધિકારીઓએ એસટીપી પ્લાન્ટ ખાતે વૃક્ષારોપણ કર્યુ હતુ. આ મિટિંગમાં ઈડર, વડાલી, તલોદ, પ્રાંતિજ, મોડાસા તથા વિજાપુર નગરપાલિકાના ચીફ ઓફિસર્સ, એન્જિનીયર્સ તથા સેનેટરી ઈન્સ્પેક્ટર્સ ઉપસ્થિત રહ્યા હતા.

### રુંધાંતો વિકાસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિકાસ થયેલો ન હોવાથી કેટલાય સેક્ટરોમાં અનધિકૃકત દુકાનો શરૂ થઈ છે. ખાનગી ક્ષેત્રો શહેરના વિકાસમાં હજુ જોઈએ તેવો અને તેટલો ઉત્સાહ બતાવતા ન હોવાથી એક ચોક્કસ બિંદુ સુધી આવીને શહેરનો વિકાસ અટકી પડ્યો છે.

આ અભ્યાસમાં એવો પણ ખુલાસો કરવામાં આવ્યો છે કે વિવિધ દાયકાઓમાં શહેરની વસ્તીનુ જેટલુ આંકલન કરવામાં આવ્યુ હતુ તે મુજબ વસ્તી વધારો પણ અહીં થયો નથી. જે વિકાસ અહીં દેખાય છે કે દર્શાવાય છે તે માત્ર શહેરની આસપાસના વિસ્તારોનો જ છે. શહેરના વિકાસ માટે અનેક પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યા હતા પરંતુ કેટલાક પ્રોજેક્ટ્સ શરૂ જ ન થઈ શક્યા, કેટલાક અધવચ્ચે લટકી ગયા તો કેટલાક પ્રોજેક્ટનુ અમલીકરણ યોગ્ય રીતે ન થતાં શહેરમાં હજુ એવો ધબકાર સંભળાતો નથી જેવો ધબકાર સાંભળવાની તેના નિર્માણ સમયે અપેક્ષા હતી.

### વધુ ૧૯ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત લવારપુરમાંથી એક ૩૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર નજીક એક ખાનગી સંસ્થામાં તે નોકરી કરે છે.

સરગાસણ ગામેથી પણ એક ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. માણસા અર્બનમાંથી આજે એક જ કેસ મળતાં તંત્રએ રાહત અનુભવી છે.

અર્બન વિસ્તારમાંથી ૪૦ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દહેગામમાંથી પણ એક કેસ સાણોદામાંથી મળી આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવ્યોહોવાનું જાણવા મળેલ છે.

કલોલમાંથી આજે ગ્રામ્ય વિસ્તારમાં ૩ કેસ મળ્યા છે. જેમાં ધમાસણા, નારદીપુર, રામનગરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કલોલ અર્બનમાંથી ૪ કેસ મળ્યા છે. અર્બન-૨ માંથી આજે બે મહિલાઓના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. જ્યારે અર્બન-૧ માંથી એક ૬૩ વર્ષીય પુરૂષ અને ૬૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર આજે વધુ ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધી નોંધાયેલા કેસોમાંથી ૬૧૦ થી વધુ દર્દીઓ રિકવર થઈ ગયા છે તેમ પણ તંત્રએ જણાવ્યુ છે.

જિલ્લામાં આજે ૨૪,૧૩૬ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જિલ્લામાં સર્વેલન્સ સઘન બનાવવામાં આવ્યુ છે. આ ઉપરાંત કન્ટેનમેન્ટ ઝોનની અમલવારીમાં પણ તંત્રએ હવે સખ્ત વલણ અખત્યાર કરવા માટે મન બનાવી લીધુ છે.

### નવા ૮ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે સે. ૩-એ-ન્યુ, સે. ૨૦, સે. ૨૫, સે. ૭-સી, સે. ૧૪, સે. ૪-એ, સે. ૩-એ માંથી કેસો મળી આવ્યા છે. આજે મળેલા કેસોમાં વેટરનરી ડૉક્ટર, વકીલ, એક હેડ કોન્સ્ટેબલ જવાનનો પણ સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૩-એ-ન્યુમાંથી એક ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીના પત્ની અગાઉ સંક્રમિત થયા હતા. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે અને તંત્રને લેખિત બાંહેધરી આપતાં તંત્રએ તેમને મંજૂરી પણ આપી છે. આ દર્દીના પરિવારના પાંચ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૦ માંથી એક ૭૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ વૃદ્ધના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૫ માંથી આજે એક દંપત્તિનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમાં પતિ વેટરનરી ડૉક્ટર તરીકે દહેગામમાં ફરજ બજાવે છે જ્યારે તેમના પત્નિ અમદાવાદ કોર્પોરેશનમાં શિક્ષિકા છે. આ દંપત્તિને એસ.જી.વી.પી. હોસ્પિટલ અમદાવાદ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. પરિવારના બે સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૭-સી માંથી એક નિવૃત્ત અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૬૨ વર્ષીય આ નિવૃત્ત અધિકારીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમના પરિવારના ૨ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ગાંધીનગર કોર્ટમાં વકીલ તરીકે પ્રેક્ટીસ કરતા અને સે. ૧૪ માં રહેતા એક ૫૫ વર્ષીય વકીલનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૫ની જી.આઈ.ડી.સી.માં નોકરી કરતા અને સે. ૪-એ માં રહેતા એક ૩૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૮ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૩-એ માં રહેતા અને કલોલ પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજો બજાવતા એક જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ જવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેમને મંજૂરી આપી છે. આ જવાનના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતામાં વધારો થયો છે પણ રિકવરી રેટ સારો હોવાથી તંત્રને રાહત છે. મળતી વિગતો પ્રમાણે શહેરમાં નોંધાયેલા કેસો પૈકી અત્યાર સુધીમાં ૨૯૧ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે ૪૫૦ જેટલા લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે.

### વૃક્ષો સામે ખતરો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નથી. જયારે સ્થાનિક રહીશો પણ માર્ગ નિર્માણની કામગીરી હાથ ન ધરવા માટે સુચવી રહ્યા છે. આ મામલે સ્થાનિકોમાં ઉગ્ર વિરોધ પણ ઉઠવા પામ્યો છે. જયારે સોસાયટીમાંથી પસાર થતી સાંકડી શેરીમાં કાચા રસ્તા પર ડામર કામ કરીને માર્ગ નિર્માણ કરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. જયારે રસ્તાને વધુ પહોળો બનાવવા જતા આ વિસ્તારમાં ૨૫ જેટલા વૃક્ષોની કટોતી થાય તેમ છે. આવા સંજોગોમાં માર્ગ નિર્માણનુ કામ સમજી વિચારને કરવામાં આવે તે અનિવાર્ય હોવાનો સુર પણ સ્થાનિકો ઉઠાવી રહ્યા છે. સેકટરોમાં એકબાજુ વરસાદી દિવસોમાં હરિયાળી નિખરે તે માટે વધુ નવા રોપાઓની વાવણી કરવા માટે સ્થાનિકો ઉત્સાહી જોવા મળી રહ્યા છે કોર્પોરેશન કક્ષાએ અત્યાર સુધી હાથ ધરાયેલી કામગીરી દરમિયાન સેકટરોમાં હાલ ભયજનક ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. આ ઉપરાંત અન્ય જરૂરી સેવાઓ પણ ખોરવાઈ છે. મુખ્યમાર્ગોના વાઈડનીગ માટે પણ હરિયાળીનો સોથ વળી રહ્યો છે. ત્યારે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ વૃક્ષો સામે ખતરો મંડરાયો છે.ગ્રીન સીટી ક્લીન સીટીના કન્સેપ્ટને ધ્યાને રાખી આ વિસ્તારમાં સ્થાનિકો માર્ગ નિર્માણ માટે નનૈયો કરી રહ્યા હોવાનુ સ્પષ્ટ થઈ રહ્યુ છે. આવા સંજોગોમાં સેકટરના આંતરિક વિસ્તારમાં માર્ગ નિર્માણ માટે તંત્રની ઉતાવળથી સ્થાનિકો પણ ઉગ્ર લડત આપવાના મુડમાં હોવાનુ ચર્ચા સ્થાને છે.

### નવો વળાંક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બોલાવવાની માંગ કરતા અપીલ કરવામાં આવી હતી. રાજ્યપાલ કલરાજ મિશ્રએ કોરોના સંકટનો હવાલો આપી વિદ્યાસભા સત્ર બોલાવવા ઈક્રાર કર્યો હતો. આ દરમ્યાન અશોક ગેહલોત પોતાના સમર્થક ધારાસભ્યો સાથે રાજભવન પહોંચી ગયા હતા.

રાજભવન પહોંચેલા ધારાસભ્યો ધરણા પર બેસી ગયા હતા અને નારે બાજી કરવા લાગ્યા હતા. તો બીજી તરફ રાજભવનની અંદર રાજ્યપાલ અને મુખ્યમંત્રી વચ્ચે મુલાકાત થઈ હતી. આ દરમ્યાન ધારાસભ્યો ન્યાયની માંગ સાથે 'વી વોન્ટ જસ્ટિસ'ના નારા લગાવ્યા હતા. રાજસ્થાન સીએમનુ કહેવુ છે કે, ઉપરથી દબાણ હોવાના કારણે રાજ્યપાલ વિધાનસભા સત્ર નથી બોલાવી રહ્યા. તેમણે દાવો કર્યો હતો કે તેમની પાસે બહુમતી છે વિધાનસભામાં સમગ્ર હકીકતનો ખુલાસો થઈ જશે.

અગાઉ અયોગ્યતા નોટિસ પર ૨૧ જુલાઈએ હાઈકોર્ટે તેનો ચુકાદો ૨૪ જુલાઈ સુધી અનામત રાખ્યો હતો. સ્પીકર સીપી જોશીને કહેવામાં આવ્યું હતું કે તેઓ ત્યાં સુધી આ ધારાસભ્યોની વિરુદ્ધ કોઈ કાર્યવાહી ન કરે. જોકે સ્પીકર જોશીએ હાઈકોર્ટના આ ચુકાદાને પડકારીને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. ગુરુવારે સુપ્રીમ કોર્ટે સ્પીકરને રાહત આપવાથી ઈક્રાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે હાઈકોર્ટ ચુકાદો આપી શકે છે. જોકે આ ચુકાદો એ બાબત પર નિર્ભર રહેશે કે સ્પીકરની અરજી પર ભવિષ્યમાં સુપ્રીમ કોર્ટ કેવું વલણ દાખવે છે.

વિધાનસભાના સ્પીકર જોષીએ કોંગ્રેસના પાયલટ સહિત અન્ય ૧૮ જેટલા બળવાખોર ધારાસભ્યોને તેમને ગેરલાયક કેન ન ઠેરવવા એવી આપેલી કારણદર્શક નોટિસને હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી. જેમાં પાયલટ જુથને અગાઉ રાહત મળ્યા બાદ આજની સુનાવણીમાં હાઈકોર્ટ પાયલટ કેમ્પની નોટિસ અરજી પર યથાસ્થિતિ જાળવી રાખવાનો આદેશ આપ્યો છે. યથાસ્થિતિ આદેશ બાદ હવે કોઈ પણ પક્ષ કોઈ કાર્યવાહી નહીં કરી શકે. હવે સમગ્ર મામલો સુપ્રીમ કોર્ટને આધીન રહેશે. હાઈકોર્ટે સ્પીકરની નોટિસને સ્ટે કરી દીધી છે. હાઈકોર્ટે માન્યું કે અરજી મેંટેનેબલ છે, પરંતુ મામલો સુપ્રીમ કોર્ટમાં વિચારાધીન છે. હવે તમામની નજરો સુપ્રીમ કોર્ટના ચુકાદા પર રહેશે.

નોટિસ અરજીમાં પાયલટ કેમ્પ તરફથી કેન્દ્ર સરકારને આ મામલામાં પક્ષકાર બનાવવા માટે બુધવારે દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી બાદ કોર્ટે તેને સ્વીકારી લીધી છે. તેના કારણે હવે કેન્દ્ર સરકાર પણ નોટિસ અરજીમાં પક્ષકાર બની ગઈ છે. હવે આ મામલામાં જવાબ આપવા માટે કેન્દ્ર સરકારના વકીલ હાઈકોર્ટ પાસેથી સમય માંગી શકે છે.

બીજી તરફ, હાઈકોર્ટે નોટિસ અરજી પર યથાસ્થિતિનો આદેશ આપ્યો છે. તેને પાયલટ કેમ્પ માટે મોટી રાહત માનવામાં આવી રહી છે. યથાશક્તિ આદેશ બાદ હવે કોઈ પણ પક્ષ કોઈ કાર્યવાહી નહીં કરી શકે.

કાયદાકિય દાવપેચમાં ફસાયેલા રાજસ્થાનના રાજકીય સંકટની વચ્ચે નોટિસ અરજીમાં સચિન પાયલટના કેમ્પ તરફથી કેન્દ્ર સરકારને મામલામાં પક્ષકાર બનાવવાની અરજીને હાઈકોર્ટે સ્વીકારી લીધી છે. હવે તેમાં કેન્દ્ર સરકારનો પક્ષ પણ સાંભળવામાં આવશે. અરજીને સ્વીકારતાં હાઈકોર્ટે વિધાનસભા સ્પીકરની નોટિસ પર દાખલ અરજી પર ચુકાદો સંભળાવતા યથાસ્થિતિ રાખવાનો નિર્દેશ આપ્યો છે. કાયદાના નિષ્ણાતોનું માનવુ છે કે હવે આ મામલે સત્વરે રાજકિય સંકટનો કોઈ ઉકેલ આવે તેમ હાલના તબક્કે જણાતું નથી.